# બંધારણના ઘડવૈયા ડૉ.આંબેડકરને મહાપરિનિર્વાણ દિને શહેરના શ્રદ્ધાસુમન

ગાંધીનગર, તા.૬

ભારતીય બંધારણના ઘડવૈયા, વંચિતો અને શોષિતોના બુલંદ અવાજ, સામાજિક સમરસતાના પ્રતિક એવા ભારતરત્ન ડૉ. ભીમરાવ આંબેડકરજીના તા. ૬ઠ્ઠી ડિસેમ્બરે મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે ગાંધીનગરમાં વિવિધ ક્ષેત્રના મહાનુભાવો અને સંસ્થાઓના અગ્રણીઓએ મહામાનવને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે ગાંધીનગરમાં વિધાનસભા સામેના સ્વર્ણિમ પાર્ક ખાતે સ્થિત ડો. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

### મેયર અને ભાજપ શહેર પ્રમુખ



ભારતરત્ન બાબાસાહેબ ડો. ભીમરાવ આંબેડકરજીને મહાપરિનિર્વાણ દિવસ પર સેન્ટ્રલ વિસ્ટા ખાતે મેયર હિતેશભાઈ મકવાણા તથા ભારતીય જનતા પાર્ટીના શહેર પ્રમુખ રૂચિરભાઈ ભટ્ટએ તેમની પ્રતિમાને નમન કરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

### અવેરનેસ ઓર્ગેનાઈઝેશન



ડો.બાબાસાહેબ આંબેડકર મહાપરીનિર્વાણ દિવસ નિમિત્તે ગાંધીનગરની સ્વૈચ્છિક સંસ્થા અવેરનેસ ઓર્ગેનાઈઝેશન દ્વારા બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ અંબાલાલ જેપાલ તથા કાર્યકરોએ ઉપસ્થિત રહી બાબાસાહેબને અંતઃકરણપૂર્વક શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

### દલિત અધિકાર સંઘ



છઠી ડિસેમ્બરે મહામાનવ ભીમરાવ આંબેડકરની પૂણ્યતિથિ નિમિત્તે દલિત અધિકાર સંઘનાં પી.બી.શ્રીમાળી અને કાન્તીભાઇ પરમાર દ્વારા ગુજરાત વિધાનસભાની સામે ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

### ઓલ ઇન્ડિયા એસસી/એસટી/ ઓબીસી એમ્પ્લોઇ એસોસિએશન



ભારતરત્ન બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૬૬મા પરીનિર્વાણ દિન નિમિતે ઓલ ઈન્ડિયા એસસી/એસટી/ઓબીસી એમ્પ્લોઈ એસોસિએશનના ગાંધીનગર ઝોન યુનિટ દ્વારા ડો.બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અને સ્મરણાંજલિ કાર્યક્રમ રાખવામાં આવી હતી જેમાં બેંક ઓફ ઈન્ડિયાના સ્ટાફ સદસ્યોએ હાજરી આપી બાબાસાહેબને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. શ્રદ્ધા સુમન અર્પણ કરવા આવેલ સમાજના અન્ય સભ્યોને સંગઠન દ્વારા વર્ષ ૨૦૨૩ના કેલેન્ડરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### સે.૧૨માં ડો.આંબેડકર ભવન



વિશ્વ વિભૂતિ, મહામાનવ, ભારત રત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિને સે.૧૨માં ડૉ.આંબેડકર ભવન ખાતે નિવૃત્ત નાયબ નિયામક સમાજ કલ્યાણ પી.બી.શ્રીમાળી તથા સમાજ કલ્યાણ અધિકારી જી.પી.પુરાણી દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ વેળાએ વિદ્યાર્થીઓ અને કર્મચારીગણ હાજર રહ્યા હતા.

### ગાંધીનગર શહેર કોંગ્રેસ



ભારતરત્ન બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૬૬મા પરીનિર્વાણ દિન નિમિતે ગાંધીનગર શહેર કોંગ્રેસના અનુસૂચિત જાતિ વિભાગ દ્વારા ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી આ પ્રસંગે ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર વિરેન્દ્રસિંહ વાઘેલા કોંગ્રેસ અગ્નિ નિષિતભાઈ વ્યાસ સહિત અનુસૂચિત જાતિ વિભાગના ચેરમેન વિજયભાઈ સોલંકી ઉપરાંત હેનીશ રાઠોડ, સંજય વ્યાસ, મેહુલ સોલંકી, ગૌતમ સોલંકી, અશ્વિન સુહાન, નરેશ પરમાર અશ્વિન રાઠોડ તેમજ કાર્યકરો હાજર રહ્યાં હતા.



મસ્ત મજાના હરિયાળા સર્કલ તોડીને બનાવવામાં આવેલા અન્ડરપાસ બન્યા ત્યારથી જ સતત વિવાદમાં રહ્યા છે. વરસાદમાં વારંવાર પાણીથી ભરાઈ જતાં આ અન્ડરપાસમાં ગટરનું પાણી બેક મારતુ હોવાની પણ ફરિયાદ ઉઠવા પામી છે. સાથે જ આ અન્ડરપાસના યોગ્ય મેન્ટેનન્સ બાબતે વાહનચાલકો ફરિયાદ કરતા રહે છે. અહી બનાવવામાં આવેલા બમ્પ તુટી જતાં ખીલા બહાર નીકળી ગયા છે. જેના કારણે અનેક વાહનોને પંચર પડે છે. વાહનચાકો તેની ફરિયાદ કરી રહ્યા છે પરંતુ તેનુ રીપેરીંગ ન થતાં વાહનચાલકોને નુકશાન વેઠવાનો વારો આવે છે.

# રીક્ષા ચાલકોની મનમાનીના કારણે એક પરિવાર પરેશાનીનો ભોગ બન્યો

**કેપિટલ રેલ્વે સ્ટેશનની રીક્ષા ચાલકોની ભારે મનમાનીથી મુસાફરો ત્રસ્ત : નજીકનું ભાડું હોય તો મુસાફરોને ઘરાર ના પાડી દેવાય છે : રેલ્વે પોલીસની દરમિયાનગીરીથી પરિવારને રીક્ષા તો મળી પરંતુ બમણું ભાડું ચૂકવવું પડ્યું**

ગાંધીનગર તા.૬

ગાંધીનગરમાં ઓટો રીક્ષા ચાલકોની મનમાનીને કારણે અનેક મુસાફરોને પરેશાનીનો ભોગ બનવું પડે છે. આવા જ એક કિસ્સામાં આજે પાટનગરના એક પરિવારને ભારે હેરાનગતિનો ભોગ બનવું પડ્યું હતું. ગાંધીનગરના વૈશ્વિક કક્ષાના બનાવાયેલા રેલવે સ્ટેશને બહારગામથી પરિવાર સહિત શહેરમાં પરત આવેલા મુસાફરને સામાન સહિત ઘરે જવું હતું પરંતુ નજીકનું નાનું ભાડું હોવાથી તમામ રીક્ષા ચાલકોએ લઈ જવાની ના પાડી દીધી હતી. છેવટે રેલવે પોલીસની દરમિયાનગીરીથી મુસાફરને રીક્ષા તો મળી પરંતુ તેનું ભાડું મોંઘું ચુકવવું પડ્યું હતું.

ગાંધીનગરના રેલ્વે સ્ટેશનને કેપિટલ રેલ્વે સ્ટેશન તરીકે વૈશ્વિક કક્ષાનું બનાવવા માટે નવેસરથી વિકસાવાયું છે અને તેની ઉપર પંચતારક હોટલ બનાવી વિકાસના આદર્શ નમૂના તરીકે પ્રસ્તુત કરાય છે પરંતુ આ વિકાસના લાભો કદાચ પંચતારક હોટલમાં આવતા મહાનુભાવોને જ પ્રાપ્ત થાય છે જ્યારે સામાન્ય માનવી હજુ પણ નાની મોટી બાબતોમાં પરેશાનીનો ભોગ બનતો રહે છે. આજે બપોરે નડીયાદથી ટ્રેનમાં ગાંધીનગર રેલ્વે સ્ટેશને પોતાના પરિવાર અને સામાન સહિત પહોંચેલા વાવોલના કેશવ પાર્ક સોસાયટીમાં રહેતા શૈલેષ પ્રજાપતિ નામના મુસાફરે રેલવે સ્ટેશનની બહાર આવી ઓટોરિક્ષામાં ઘરે જવા માટે પ્રયાસ કર્યો હતો. આ સમયે રેલવે સ્ટેશનએ નિયત લાઈનમાં આશરે વિસેક ઓટોરિક્ષાઓ હાજર હતી પરંતુ મોટાભાગના રીક્ષા ચાલકોએ રેલવે સ્ટેશનથી વાવોલ કેશવપાર્ક નજીક હોવાને કારણે તેમને લઈ જવાની ના પાડી દીધી હતી. એક પછી એક તમામ રીક્ષા ચાલકો લાબા અંતરના પેસેન્જરોને બેસાડીને ચાલતા થયા હતા અને છેલ્લે બે રીક્ષા વધી છતાં શૈલેષ પ્રજાપતિને રિક્ષા ના મળતા તેઓ ચિંતિત બન્યા હતા અને પરિવારજનો પણ ઘણો સમય કારણે અકળાઈ ઊઠ્યા હતા. અંતે તેમણે એક રીક્ષા ચાલકને મ્હોં માગ્યું ભાડુ આપવાનું કહ્યું છતાં પણ તે વાવોલ સુધી આવા તૈયાર નહોતો ત્યારે કંટાળીને શૈલેષભાઈએ તે રીક્ષા ચાલકને રેલ્વે સ્ટેશનને હાજર પોલીસ કર્મચારી પાસે લઈ ગયા હતા અને તેમની રજૂઆત કરી હતી. આ પોલીસ કર્મચારીએ રીક્ષા ચાલકની ખખડાવ્યો હતો તેમ છતાં રીક્ષા ચાલક માન્યો નહોતો અને રીક્ષા લઈને ચાલતો થયો હતો અંતે વધેલા એક રીક્ષાચાલકને પોલીસ કર્મચારીએ વિનવણી કરીને શૈલેષ પ્રજાપતિને તેમના ઘર સુધી પહોંચાડવા રાજી કર્યો હતો પરંતુ આ રીક્ષા ચાલકે પણ ધોળા દિવસે બમણું ભાડુ વસૂલતો હોય તેમ શૈલેષ પ્રજાપતિ પાસે ભાડા પેટે ?૧૦૦ પડાવી લીધા હતા. શૈલેષ પ્રજાપતિએ રિક્ષાચાલકોને વાવોલ સુધી નહીં આવવાનું કામ કારણ પૂછ્યું હતું જેમાં મોટાભાગના રીક્ષા ચાલકોએ વાવોલ ઉપરાંત નજીકના સેકટર વિસ્તારમાં જ્યાં ભાડું ?૫૦થી ઓછું થતું હોય ત્યાં તેઓ જતા નથી તેવું જણાવ્યું હતું. ગાંધીનગરમાં એ રીક્ષા ચાલકો મીટર અનુસાર કામ કરતા નથી અને ઉચ્ચક ભાડાને વસૂલતા હોવાથી મુસાફરો લૂંટાય છે તેમજ કોઈ રીક્ષા ચાલક મુસાફરને ના પાડી ના શકે તેવો કાયદો હોવા છતાં પોતાની મરજી મુજબ જ પેસેન્જર લઈ જતા હોવાની મનમાની કરી રહ્યા છે તેનો આ એક તાદશ્ય કિસ્સો છે જે બાબતે તંત્રએ ગંભીરતાથી વિચારી આવશ્યક પગલાં ભરવાની જરૂરિયાત જણાઈ રહી છે.

# મતગણતરી કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પ્રવેશ પર પ્રતિબંધ

**મતગણતરીના દિવસ માટે ગાંધીનગર કલેક્ટરનું જાહેરનામુ : મતગણતરી કેન્દ્રમાં મોબાઈલ,કોર્ડલેસ ફોન સહીતની વસ્તુ પર અને મતગણતરી કેન્દ્રોમાં ઇલેક્ટ્રોનિક ગેજેટ્સ લઈ જવા પર પ્રતિબંધ રહેશ**

ગાંધીનગર, તા.૬

ગુજરાતમાં તારીખ ૧ અને ૫ ડિસેમ્બરના રોજ ૧૫મી વિધાનસભાની બે તબક્કામાં ચૂંટણી યોજાઈ. જેનું મતદાન પૂર્ણ થઈ ગયું છે તેમજ ૮ ડિસેમ્બરના રોજ પરિણામ આવશે. ત્યારે આ ચૂંટણીમાં વિધાનસભાની ૧૮૨ બેઠકો માટે કુલ ૧૬૨૧ ઉમેદવારો મેદાનમાં હતા. જેમાં પહેલા તબક્કાની ૮૯ બેઠકો માટે ૭૮૮ ઉમેદવારો અને બીજા તબક્કાની ૯૩ બેઠકો માટે ૮૩૩ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાયો હતો. બંને તબક્કામાં કુલ ૬૪.૩૦ ટકા મતદાન નોંધાયું છે. જે ગત ચૂંટણી કરતા ૪ ટકા ઓછું છે. ગુજરાતમાં ૨૦૧૭માં બંને તબક્કામાં કુલ ૬૮ ટકા મતદાન નોંધાયું હતું. મતગણતરીને લઈ તે ગાંધીનગર જિલ્લા કલેકટરે જાહેરનામું બહાર પાડ્યું છે.મતગણતરીના દિવસ માટે ગાંધીનગર કલેકટરનું જાહેરનામું બહાર પાડ્યું છે. જેમાં ચારથી વધુ વ્યક્તિ ભેગા થવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે તેમજ ગણતરી કેન્દ્રો પર પ્રવેશ પાસ વિના પ્રવેશ મળશે નહી તવું ફરમાન જણાવ્યું છે. ઉમેદવારો અને મતગણતરી એજન્ટ માટે પણ પ્રવેશ પાસ ફરજીયાત કહ્યું છે. જે જાહેરનામાં જણાવ્યું છે કે, મતગણતરી કેન્દ્રમાં મોબાઈલ,કોર્ડલેસ ફોન સહીતની વસ્તુ પર અને મતગણતરી કેન્દ્રોમાં ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ લઈ જવા પર પ્રતિબંધ રહેશે. ગાંધીનગરની SVNIT કોલેજ અને ગાંધી કોલેજ ખાતે મતગણતરી થશે.ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બંને તબક્કામાં ૬૪.૩૦ ટકા મતદાન નોંધાયું છે. જે ગત ચૂંટણી કરતા ૪ ટકા ઓછું છે. ગુજરાતમાં ૨૦૧૭માં બંને તબક્કામાં કુલ ૬૮ ટકા મતદાન નોંધાયું હતું. ચૂંટણીપંચ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, રાજ્યમાં સૌથી વધુ મતદાન નર્મદા જિલ્લામાં નોંધાયું છે. નર્મદા જિલ્લામાં કુલ ૭૮.૪૨ ટકા મતદાન નોંધાયું છે. જ્યારે સૌથી ઓછું મતદાન બોટાદ જિલ્લામાં નોંધાયું છે. બોટાદ જિલ્લામાં ૫૭.૫૯ ટકા મતદાન નોંધાયું છે.

# સુરતમાં બારીમાંથી કચરાનું પોટલું નાંખવા જતાં વૃદ્ધને મોત મળ્યું

સુરત, તા.૬

સુરતના બમરોલી વિસ્તારમાં બનેલી ઘટનાને લઈને સમગ્ર વિસ્તારમાં હાલ શોકનું મોજુ ફરી વળ્યું છે.

આ આશ્ચર્યજનક ઘટનાને લઈને લોકો પણ એક સમય માટે વિચારમાં પડી ગયા હતા. સુરતના ઉંધના વિસ્તારમાં આવેલા બમરોલી રોડ પરની પંચશીલ નગર સોસાયટીમાં મનોજ શુક્લા પોતાના પરિવાર સામે રહે છે.

તેઓ મૂળ યુપીના રહેવાસી છે અને ઘણા વર્ષોથી સુરત શહેરમાં રિક્ષા ચલાવવાનું કામ કરે છે.

મનોજ ભાઈ ફેક્ટરીમાંથી જોબવર્ક માટે પોટલા લઈ જતા હોય છે. જેમાં સાડી અને ડ્રેસ મટીરીયલ હોય છે. સામાન્ય રીતે આ કામ કરતા તમામ લોકો જોબવર્કનાં પોટલા બારીમાંથી જ નીચે ફેંકતા હોય છે. જેથી વારંવાર પોટલા લઈને નીચે ન આવવું પડે. પરંતુ આ કામ કરતા કરતા મનોજભાઈએ પોતાનો જીવ ગુમાવ્યો છે. મનોજ ભાઈ ફેક્ટરીમાં ત્રીજા માળે બારીમાંથી પોટલા નીચે ફેંકી રહ્યા હતા. આ દરમિયાન તેઓએ સંતુલન ગુમાવતા બારીમાંથી સીધા નીચે પટકાયા હતા. મનોજ ભાઈને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જો કે માથામાં ગંભીર ઈજા પહોંચતા તેઓનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મનોજ ભાઈ પોટલાં ફેંકી રહ્યા હતા તે દરમિયાન આસપાસ મહિલાઓ કચરો લેતી હતી. તેઓને દુર ઉભા રહેવા પણ જણાવ્યું હતું. જેથી તેઓની વાત માનીને મહિલા થોડા સમય માટે દૂર ઊભી રહી હતી. ત્યારબાદ તેઓએ પોટલા ફેંકવાનું શરુ કર્યું. એ દરમિયાન બારીમાંથી તેઓનું શરીર વધુ પડતું બહાર આવી ગયું અને બેલેન્સ ખોરવાતા સીધા નીચે પટકાયા હતા.

જોકે મનોજભાઈ એ પોતાના વિસ્તારમાં ભાજપ આગેવાન હોવાની સાથે જે પ્રકારની ઘટના બની છે. સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ જવા પામી હતી. તેમના મોતને લઈને ભાજપના સમગ્ર વિસ્તારના કાર્યકરો સાથે તે વિસ્તારમાં કામ કરતા કર્મચારીઓમાં શોખનું મોડું પડી રહેલું છે. જો કે આ મામલે હવે પોલીસે સીસીટીવીના આધારે ગુણ દાખલ કરી તપાસ શરૂ કરી છે.

# ગાંધીનગર જિલ્લાની બંને બેઠકો માટે ભારે અટકળોનો માહોલ

**શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારના મતદાનની પેટર્નથી પરિણામ અંગે ભારે દ્વિધા : સચિવાલયથી માંડીને સોસાયટીઓ સુધી એક જ ચર્ચા**

ગાંધીનગર, તા. ૦૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારોનું ભાવી ઈવીએમ મશીનમાં સીલ થઈ ચૂક્યું છે જે આગામી તારીખ ૮મી ડિસેમ્બરના રોજ મત ગણતરી દરમિયાન જાહેર થશે. જોકે રસપ્રદ તબક્કામાં પહોંચીને યોજાયેલી આ ચૂંટણીમાં ગાંધીનગર ગઈકાલથી પાટનગરમાં દરેક સ્થળે એટલે કે સેક્ટરનું ચોકઠું હોય કે સોસાયટીનું નાકુ, પાનનો ગલ્લો હોય કે ચાની કિટલી, ઓફિસ હોય કે દુકાન, ઉદ્ઘાટન હોય કે લગ્ન પ્રસંગ.. લગભગ બધે એક જ ચર્ચા જોવા મળે છે. ચર્ચામાં સામેલ થતી દરેક વ્યક્તિ પોત પોતાની રીતે ગણિત દર્શાવીને પરિણામોની આગાહી કરી રહ્યા છે અથવા તો પરિણામ અંગે ભારે દ્વિધા અનુભવી રહ્યા છે. ગાંધીનગર જિલ્લાની પાંચે બેઠકો જેમાં ખાસ કરીને ઉત્તર અને દક્ષિણ બેઠક અંગે ભારે અવઢવનો માહોલ જોવા મળી રહ્યો છે અને આ બેઠકો પર આશ્ચર્યજનક પરિણામો આવશે તેવી અટકળો બાંધવામાં આવી રહી છે.

ગાંધીનગર જિલ્લાની મોટા ભાગની બેઠકો પર ગત ચૂંટણી કરતા મતદાનની ટકાવારી ઓછી નોંધાવા પામી છે જેના કારણે રાજકીય પંડિતો વિચારમાં પડી ગયા છે. આ વખતે ચૂંટણીઓમાં ત્રિપાંખીયો જંગ ખેલાઈ રહ્યો છે અને ભાજપ કોંગ્રેસ સાથે આમ આદમી પાર્ટીએ પણ જીત હાંસલ કરવા એડીચોટીનું જોર લગાવ્યું હતું. ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠક પર શહેરી વિસ્તારમાં મતદાન ઓછું થયું છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં મતદાનની ટકાવારી ઓછી રહેતા આ બેઠક ભાજપ કોંગ્રેસ પાસેથી છીનવી શકશે કે કોંગ્રેસ તેની બેઠક જાળવી રાખશે અથવા આમ આદમી પાર્ટીના ઉમેદવાર આશ્ચર્ય સર્જશે કે કેમ તે અંગે ચર્ચાઓ ચાલી રહી છે. જોકે ઉત્તર બેઠક માટે આમ આદમી પાર્ટીના ઉમેદવાર કેટલા વોટ મેળવે છે તેના આધારે પરિણામ નક્કી થશે તેવું ચર્ચામાં સૌ કોઈ માની રહ્યા છે. બીજી તરફ દક્ષિણ બેઠક પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રસાકસીનો માહોલ સર્જાયો છે ગત વખતે આ બેઠક ભાજપે ભારે બહુમતી સાથે જીતી હતી પરંતુ આ વખતે સ્થાનિક અને લોકપ્રિય પાટીદાર ઉમેદવારને પગલે કોંગ્રેસ આ બેઠક પર જીત માટે આશ્વત છે જેથી અહીં પણ ચોક્કસ પરિણામ અંગે અટકળોનો દોર ચાલી રહ્યો છે. આજે દિવસ પર શહેરમાં સચિવાલયથી માંડીને સોસાયટીઓ સુધી આ જ ચર્ચાઓ સંભળાતી હતી


**CM પદના ઉમેદવાર ઈસુદાન ગઢવીનો દાવો**

# રાજ્યમાં AAP સરકાર બનાવશે : ઈસુદાન ગઢવી

**આમ આદમી પાર્ટી પ્રથમ તબક્કામાં ૫૧ કરતાં વધારે બેઠક જીતશે જ્યારે બીજા તબક્કામાં ૫૨ કરતાં વધારે બેઠક જીતશે**

અમદાવાદ, તા.૫૬

ગુજરાત વિધાનસભા ચૂંટણીનું મતદાન પૂરું થઈ ગયું છે. હવે રાજ્યમાં સરકાર કોની બનશે તે અંગે ૮મી ડિસેમ્બરના રોજ માલુમ થશે, જોકે આજે જે પણ એક્ઝિટ પોલ મારફતે લોકોએ આ અંદાજ વ્યક્ત કરવાનું શરૂ કર્યું છે કે ગુજરાતમાં કોણ જીત મેળવી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે તમામ એક્ઝિટ પોલમાં આગાહી કરવામાં આવી રહી છે કે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ની સરકાર બની શકે છે. એક્ઝિટ પોલમાં ભાજપ સત્તા પર આવશે તેવી અટકળો વચ્ચે આમ આદમી પાર્ટીના ઝસ્ના ચહેરા ઈસુદાન ગઢવીએ કહ્યું કે એક્ઝિટ પોલ મારફતે પરિણામ અંગે અંદાજ લગાવવો મુશ્કેલ છે. ઈસુદાન ગઢવીએ કહ્યું કે ગુજરાતમાં ભાજપ સરકાર બનાવશે નહીં. અમે એટલે કે આમ



આદમી પાર્ટી પ્રથમ તબક્કામાં પૌ કરતાં વધારે બેઠક જીતશે જ્યારે બીજા તબક્કામાં ૫૨ કરતાં વધારે બેઠક જીતશે. તમામ એક્ઝિટ પોલની આગાહીને ખોટી ઠરાવતા ઈસુદાન ગઢવીએ કહ્યું કે આ એક્ઝિટ પોલ ખોટા સાબિત થશે. ઈન્ડિયા ટુડેના એક્ઝિટ માઈ ઈન્ડિયાના એક્ઝિટ પોલના જણાવ્યા પ્રમાણે ગુજરાતમાં ભાજપને ૧૩૧-૧૫૧ બેઠક મળી શકે છે. કોંગ્રેસને ૧૬-૩૦ બેઠક, જ્યારે આમ આદમી પાર્ટીને ૯-૨૧ બેઠક મળી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં કુલ ૧૮૨ વિધાનસભા બેઠક છે. એબીપી ન્યૂઝના સીવોટરના એક્ઝિટ પોલ પ્રમાણે ગુજરાતમાં ભાજપને ૧૨૮-૧૪૦ બેઠક, કોંગ્રેસને ૩૧-૪૩ બેઠક તો આમ આદમી પાર્ટીને ૩-૧૧ બેઠક મળી શકે છે. આ સાથે મોટાભાગના એક્ઝિટ પોલમાં આગાહી કરવામાં આવે છે કે ભાજપ રાજ્યમાં સત્તાને જાળવી રાખશે. ન્યૂઝ એક્સના એક્ઝિટ પોલમાં પણ ભાજપની સરકાર બનશે તેમ જણાવાયું છે. જેમાં ભાજપને ૧૧૭થી ૧૪૦, કોંગ્રેસને ૩૪થી ૫૧, આમ આદમી પાર્ટીને ૦૬થી ૧૩ બેઠકો જ્યારે અપક્ષોને શૂન્ય બેઠક મળશે તેવી શક્યતા વ્યક્ત કરાઈ છે. અલબત એક પણ એક્ઝિટ પોલમાં આમ આદમીને બહુમતી મળતી હોવાની વાત કરવામાં આવી નથી.

# મહેસાણાના પાલોદર ગામે જૂની અદાવતમાં વૃદ્ધ પર હુમલો

**વાહન અથડાવવા મામલે માથાકૂટ : આ સમગ્ર મામલે વૃદ્ધ પર હુમલો કરનાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે**

મહેસાણા, તા.૬

મહેસાણા તાલુકામાં આવેલા પાલોદર ગામે દસ દિવસ અગાઉ બાઈક અથડાવવા મામલે માથાકૂટ થઈ હતી. જે બાદમાં સમાધાન થઈ ગયું હતું. જે જૂની અદાવત રાખી અન્ય પક્ષના યુવકે દસ દિવસ બાદ રાત્રિ દરમિયાન વૃદ્ધને ગાળાગાળી કરી માર મારી ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર મામલે મહેસાણા તાલુકામાં એક સામે ફરિયાદ નોંધાઈ છે.

મહેસાણા તાલુકામાં આવેલા પાલોદર ગામે રહેતા ૬૦ વર્ષીય બળદેવ દેસાઈએ મહેસાણા તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે, ને જણાવ્યું છે કે, દસ દિવસ અગાઉ ફરિયાદીના નાના છોકરા ધવલને ગામમાં રહેતા વાઘેલા ધવલસિંહ સાથે વાહન અથડાવવા મામલે માથાકૂટ થઈ હતી. જે બાદ સમાધાન થઈ ગયું હતું.

જોકે ૪ તારીખે રાત્રે ફરિયાદીનો પુત્ર લગ્ન કરીને આવ્યો એ દરમિયાન કામકાજ કરી પરિવાર સુઈ રહ્યો હતો, ત્યારે આ વાઘેલા ધવલ સિંહ પોતાના હાથમાં ગુપ્તિ લઈ ફરિયાદીના દીકરાને બુમો પાડી બોલાવતો હતો, ત્યારે ફરિયાદી ઉઠી જતા તેઓ સાથે આરોપીએ માથાકૂટ કરી હતી, ને જૂની અદાવતમાં ૬૦ વર્ષના વૃદ્ધને મૂઢ માર માર્યો હતો.

આ ઘટનાની જાણ પરિવારને થતા પરિવાર જનો દોડી આવ્યા હતા, ને વૃદ્ધને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં હુમલો કરનારા ઈસમે જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર મામલે વૃદ્ધ પર હુમલો કરનાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# ડોકટરને સરકારી નોકરી આપવાની લાલચ આપી રૂ.૨૩.૫૦ લાખ ખંખેર્યા

**ફેક આઈડીથી રાજકોટની લેડી ડોક્ટર સાથે છેતરપીંડી : રાજકોટ સાયબર ક્રાઇમ પોલીસે આરોપી હાર્દિક અહાલપરાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે**

રાજકોટ, તા.૬

રાજકોટ શહેરની એક લેડી ડોકટર સાથે બગસરાના ગઠીયાએ ઈન્સ્ટાગ્રામ મારફત ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી પોતે હાર્ટ સ્પેશિયાલિસ્ટ ડોક્ટર છે તેવી ખોટી ઓળખ ઉભી કરી મિત્રતા કેળવી બાદમાં તેણીને સરકારી નોકરી અપાવવાની તેમજ પારૂલ યુનિવર્સિટીમાં એડમિશન અપાવવાના નામે અને રાજકોટ સિવિલ હોસ?પિટલમાં મેડિકલ ઓફિસરની નોકરી અપાવી દેવાના બહાને તેમજ છેલ્લે રાજકોટમાં પોતે ૪૦૦ બેડની હાર્ટ હોસ?પિટલ શરૂ કરી રહ્યો છે તેમાં ભાગીદાર બનાવવાની લાલચ આપી કટકે-કટકે કુલ રૂ. ૨૩.૫૦ લાખ મેળવી લઈ ઠગાઈ કરતાં રાજકોટ શહેર સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી આરોપી હાર્દિક અહલાપરાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તપાદમાં આરોપી હકિકતે ડોક્ટર નહિ પણ ભાડાની દુકાનમાં મોબાઈલ શોપ લે વેચ તથા રીપેરીંગનો ધંધો કરતો હોવાનું ખુલ્યું હતું. ભોગ બનનાર યુવતીએ જણાવ્યું હતું કે હું તબિબ છું અને હાલમાં નોકરી કરતી નથી. સોશિયલ મિડીયા ઈન્સ્ટાગ્રામમાં મારું એકાઉન્ટ છે.